
# તરસ્યો કાગડો



એક કાગડો હતો. ઉનાળાનો દિવસ હતો. કાગડાને ખૂબ જ તરસ લાગી હતી. ગામના કૂવે , તળાવે, ખાબોચિયે પાણીની શોધમાં ફર્યો પણ મળ્યું નહીં. અગાઉની જેમ અગાશીમાં ઉનાળાની રાતે સૂતા લોકોનો અધૂરો કુંજો પણ ના મળ્યો કે જેમાં કાંકરા નાંખી પાણી ઊંચું લાવી તરસ છીપાવી શકે. કાગડો તરસનો માર્યો ઊડા ઊડ કરવા લાગ્યો કા...કા કરતો થાકી ગયો. પાણી ક્યાં મળશે તેની ચિંતા કરવા લાગ્યો. દૂ....રથી આવતી ચકલી . પનિહારીઓને કાગડાએ જોતાં તેમની તરફ ઊડવા લાગ્યો. બેડાં ઢાંકેલાં હતાં. બેડે બેસી બેસી પાણી પી શકાય તેમ ન હતું.

ચકીબેન , તરસ લાગી છે થોડું પાણી પીવડાવશો." કાગડો બોલ્યો.

"કાગડાભાઈ, પાણી પીવડાવવાની ના નથી. અધૂરે બેડે મારે ઘેર જવું પડે. અધૂરો ઘડો છલકાય ઘણો. આટલે આવ્યા છો તો થોડેક જ દૂર હોલાભગતની વાવ છે ત્યાં જઈ ધરાઈને પાણી પીજો." ચકીબહેન બોલ્યાં.

કાગડો ઝડપભેર વાવે પહોંચ્યો. હોલાભગતની મઢુલીએ બાંધેલી ઠીબે પંખીઓ પાણી પીતાં હતાં. કાગડાએ ઠીબે પાણી પીધું. આનંદથી કા...કા... કરવા લાગ્યો. કાગડાનો અવાજ સાંભળીને હોલાભગતે કાગડાને આવકાર્યો. "આવો કાગઋષિ આ બાજુ કયાંથી ?"

"ભગત વાત એમ છે કે કૂવે , તળાવે પાણી ખૂટયાં છે , કયાંય પાણી નથી. દૂરથી પનિહારીઓને જોતાં આ તરફ આવ્યો છું." કાગડો બોલ્યો.

"અહિંયા જ રહો, કાગઋષિ" હોલોભક્ત બોલી ઊઠયો.

"ભગત, પાણી પીવા તો અહીંયા જ આવવું પડશે. બાર ગાઉ સુધી પાણી નથી. ચોમાસું છેટું છે. હેં...ભગત....પાણી કેમ ખૂટી પડયાં હશે ?" કાગડાએ પૂછયું.

આ વાતચીત ચાલતી હતી ત્યાં ગામના મુખી , બેચાર ગામના આગેવાનો હોલાભગતની વાવે આવી પહોંચ્યા. હોલાભગતે સૌને આવકારી પાણી પાયું ને કેમ આવવું થયું તેની પૂછપરછ કરી.

"ભગત, વાત એમ છે કે ગામના કૂવે, તળાવે પાણી નથી, તમારી વાવનું પાણી ગામ લોકોને માટે લેવા દેશો. એને માટે ગામ લોકો તમે કહેશો તે વળતર આપવા તૈયાર છે. " ગામના મુખી બોલ્યા.

"મુખી તમે આ શું બોલ્યા ! પાણી માટે મારે પૈસા લેવાના ? મારું જીવતર લાજે, પૈસા તો નહીં લઉં પણ એક વચન આપો ને તે પછી વાવનું પાણી જેટલું જોઈએ તેટલું સીંચી જાવ એની ના નથી." હોલોભગત બોલ્યો.

'બો....લો...બોલો ભગત, કેવું વચન આપવાનું છે ?" મુખી અધીરાઈથી બોલ્યા.

"મુખી ! અવારનવાર દુકાળ પડે છે. પાણીની ખેંચ પડે છે. તે ખરું ને ? હોલા ભગતે કહ્યું.

"તમારી વાત સાચી, ભગત." મુખી એ કહ્યું

"તેને માટે તમારે ચોમાસું આવે ત્યારે , ગામમાં જેટલાં ઘર છે , તેટલા ઝાડના રોપા , આંગણે, ખેતરે, ગામને ફરતે રોપવાના અને ઉછેરવાના. રોપાને નામ પણ આપવાનું કે આ મરઘાભાઈનું, આ કોયલબેનનું. નામ સાથે સંબંધ જોડાશે. સૌ લાગણીથી રોપા ઉછેરશે, આમને આમ વરસોવરસ કરવાનું ને નવું જંગલ ઊભું કરવાનું." હોલાભગતે સૂચન કર્યું.

"ભગત, આ તો નાની વાત છે. તે પ્રમાણે થશે." મુખીએ જવાબ વાળ્યો.

"મુખી, બીજી પણ એક વાત છે. ગામના કૂવા તળાવને ઊંડા કરાવો. જૂના કૂવાની બાજુમાં એક ઊંડો ખાડો કરી વરસાદનું વહી જતું પાણી અટકાવી જૂના કૂવામાં ઉતારો. કૂવામાં આવતી નદીઓ બારેમાસ તરબતર રહેતાં કયારેય કૂવાનું પાણી સુકાશે નહીં. નવા કૂવા ખોદાવો. પંચાયત તમારી છે. તેનો વહીવટ પણ તમારે હસ્તક છે જ... જો..મુખી...કૂવો કાગળ પર જ ના ખોદાય, એનું ધ્યાન રાખજો." હોલાભગત બોલ્યા.

"હોલાભગત, ઝાડ વાવવાની વાત મને ના સમજાઈ." કાગડો વચ્ચે બોલ્યો.

"કાગઋષિ તમને લોકો ચતુર કહે ભલે , પણ મારી આ નાની અમથી વાત ના સમજાઈ તમને ? ખબર છે ઝાડથી વાતાવરણ ઠંડું રહે. ઝાડના મૂળિયાં જમીનના ધોવાણને અટકાવે. કૂવા-તળાવમાં પાણીની સરવાણી ચાલુ રહે , પછી પાણીની કયાં તંગી રહે. ' હોલાભગતે સ્પષ્ટતા કરી.

"ભગત, તમે અમારી આંખ ઊઘાડી. કાળદુકાળે અમે પૈસા ખાતર ઝાડને કપાવી નાખતાં. અમે જ અમારા દુશ્મન બનતાં. નિર્દય હતાં. જે ઝાડ ઉપકાર કરતાં તેનો નાશ કરી અમારી જ બરબાદીને આમંત્રણ આપતાં હતાં. હવે ગામ લોકો ઝાડનું રક્ષણ કરશે. નવા ઝાડ ઊગાડશે. " આ અમારું વચન છે." મુખી બોલ્યાં.

હોલાભગત અને મુખીની વાતને અધવચ્ચે છોડતાં કાગડો ગામ ભણી ઊડવા લાગ્યો. મુખીએ વાવનું પાણી ગામ લોકોને મળશે તે વાતે હોલાભગતને મનાવી લીધા છે. તે વાતની જાહેરાત કરી. સાથે સાથે ઝાડ વાવવાની , ઝાડ નહીં કાપવાની તેમજ નવા કૂવા ખોદવાની વાત પણ કરી.

આમ વરસોવરસ નવાં ઝાડ તૈયાર થતાં જંગલ જેવું ગામને ફરતે થયું. કૂવે તળાવે પાણી ના ખૂટયું. પાણી ને કારણે ગામ "ગોકુળિયું ગામ" બન્યું. વડને છાંયડે ગાય-ગોવાળ ગૌરી , ગોરસ વહેંચી પોરો ખાવા લાગ્યાં.

ને કાગડો....

કાગડો આંબા આંબલીને ડાળ<br>
કાગડો ઊડયા કરે ડાળ ડાળ.

લેખક: રશીદ મુનશી